તમામ ઈજાગ્રસ્તોને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા

ઈદના તહેવાર ટાણે રહેમતનગરમાં ડીજેના વાયરિંગ અને નજીવી બાબતે બે જૂથ આમને-સામને આવી ગયા

કથિત બાબા ગેંગના સાગરીતોએ તલવારોથી હુમલો કરતા એક બાળક સહિત ૫ લોકો ઈજાગ્રસ્ત

હુમલાખોરો કથિત રીતે ચરસ-ગાંજો અને એમડી ડ્રગ્સનો વેપાર કરતા હોવાનો ગંભીર આક્ષેપ

(પ્રતિનિધી) વડોદરા, તા.26

શહેરના ભાંડવાળા વિસ્તારમાં આવેલા રહેમતનગરમાં પવિત્ર ઈદના તહેવાર ટાણે જ બે જૂથ વચ્ચે ઉગ્ર અથડામણ સર્જાઈ હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. ડીજેના વાયરિંગ અને નજીવી બાબતે શરૂ થયેલી બોલાચાલી એટલી વધી ગઈ કે કથિત બાબા ગેંગના સાગરીતોએ તલવાર જેવા મારક હથિયારો સાથે એક પરિવાર પર ખૂની હુમલો કર્યો હતો. આ હિચકારા હુમલામાં એક બાળક સહિત ચારથી પાંચ લોકો ઘાયલ થયા છે, જેને તુરંત જ સારવાર અર્થે સયાજી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે.

ઘટના અંગે ઈજાગ્રસ્ત યાસીન પઠાણ અને ફિરોઝ હુસેન મંસૂરીએ આક્ષેપ કરતા જણાવ્યું હતું કે, અગાઉ પણ આ શખ્સો સાથે તકરાર થઈ હતી જે બાબતે કુંભારવાડા પોલીસ મથકે ફરિયાદ કરવામાં આવી હતી. તે સમયે પોલીસે માત્ર મધ્યસ્થી કરાવી સમાધાન કરાવ્યું હતું, પરંતુ અગાઉની અદાવત રાખીને ઈદના દિવસે પાંચથી વધુ શખ્સોએ ઘરમાં ઘૂસીને આડેધડ હુમલો કર્યો હતો. ઈજાગ્રસ્તોએ એવો પણ ગંભીર આરોપ મૂક્યો છે કે હુમલો કરનાર કથિત બાબા ગેંગના સભ્યો વિસ્તારમાં ખુલ્લેઆમ ચરસ, ગાંજો અને એમડી ડ્રગ્સ જેવા નશીલા દ્રવ્યોનો ગેરકાયદે વેપાર ચલાવે છે.

તહેવારોના દિવસોમાં શહેરમાં પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવતા હોવાના મોટા દાવાઓ કરવામાં આવે છે, પરંતુ રહેમતનગરની આ ઘટનાએ પોલીસ પેટ્રોલીંગ અને કાયદો-વ્યવસ્થાની પોલ ખોલી નાખી છે. સ્થાનિક રહીશો અને ઈજાગ્રસ્તોએ કુંભારવાડા પોલીસ મથકની કામગીરી સામે પણ રોષ વ્યક્ત કર્યો છે. હાલ તો સમગ્ર મામલે પોલીસે ગુનો નોંધીને હુમલાખોરોને ઝડપી પાડવા અને કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવા માટેની ચક્રો ગતિમાન કર્યા છે.

દાદી પ્રકાશમણીજીની ૧૯ મી પુણ્યતિથિ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

વડોદરા : બ્રહ્માકુમારીજ વિજયનગર સેન્ટર ખાતે દાદી પ્રકાશમણીજીની 19મી પુણ્યતિથિ નિમિત્તે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વોર્ડ-6ના કોર્પોરેટર પવનભાઈ હેમણાની, રણજીતભાઈ રાજપુત, અનિતાબેન વીરપુરા તથા નેચરોપેથી ગુજરાત રાજ્યના ઉપાધ્યક્ષ ડો. અરુણભાઈ સોની ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનોએ દાદીજીને શ્રદ્ધાસુમન અર્પણ કરી રક્તદાન કરવા આવેલા ભાઈ-બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમ દરમિયાન શિક્ષણ સમિતિના ચેરમેન અંજનાબેન ઠક્કરે રક્તદાતાઓને પ્રમાણપત્ર આપી તેમના સેવાભાવને બિરદાવ્યો હતો. વિજયનગર સેન્ટરના બ્રહ્માકુમારી પારુલ દીદીએ ઉપસ્થિત મહેમાનો અને રક્તદાતાઓનું હૃદયપૂર્વક સ્વાગત કર્યું હતું.

ધાર્મિક લાગણી દુભાય તેવા ઉશ્કેરણીજનક ગીતો નહીં વગાડવા સ્પષ્ટ સૂચના

જાહેરનામાનો ચુસ્ત અમલ કરવા સૂચના, રાત્રે ૧૧થી સવારે ૬ વાગ્યા સુધી ડીજે પર પ્રતિબંધ

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરમાં આગામી દિવસોમાં વિવિધ ધાર્મિક તહેવારોની ઉજવણી થનાર છે ત્યારે તહેવારો શાંતિપૂર્ણ અને એખલાસભર્યા વાતાવરણમાં યોજાય તે માટે વડોદરા શહેર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ડીજે સંચાલકો સાથે બેઠક યોજવામાં આવી હતી. પોલીસ કમિશનર નરસિમ્હા કોમારની સૂચનાથી યોજાયેલી બેઠકમાં ડીજે સંચાલકોને જાહેરનામાની જોગવાઈઓથી વાકેફ કરી તેનો ચુસ્તપણે અમલ કરવા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. બેઠકમાં ડીજે સંચાલકોને ધાર્મિક તથા કોમી લાગણી દુભાય તેવા શબ્દો ધરાવતા ગીતો તેમજ ઉશ્કેરણીજનક ગીતો નહીં વગાડવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી. તહેવારો દરમિયાન નાગરિકોને કોઈ અગવડ ન પડે અને શાંતિપૂર્ણ માહોલ જળવાઈ રહે તે માટે ડીજેના અવાજનું પ્રમાણ મર્યાદિત રાખવા પણ જણાવાયું હતું. ડીજે સિસ્ટમના વધુ પડતા અવાજથી ધ્વનિ પ્રદૂષણ થવાની સાથે નાગરિકોના સ્વાસ્થ્ય પર પણ વિપરીત અસર થતી હોવાથી તમામ સંચાલકોને પોતાની ડીજે સિસ્ટમ સાથે રેસિબલ મીટર રાખવા સૂચના આપવામાં આવી હતી. આ ઉપરાંત હાલના જાહેરનામા મુજબ રાત્રે 11 વાગ્યાથી સવારે 6 વાગ્યા સુધી ડીજે વગાડવા પર પ્રતિબંધ હોવાની જાણ પણ કરવામાં આવી હતી. વડોદરા શહેરમાં હોસ્પિટલો, શૈક્ષણિક સંસ્થાઓ અને ધાર્મિક સ્થળો આવેલા હોવાથી આવા સંવેદનશીલ સ્થળોની આસપાસ ડીજે સિસ્ટમનો ઉપયોગ નહીં કરવા પણ સંચાલકોને સૂચના આપવામાં આવી હતી. પોલીસ દ્વારા તહેવારો દરમિયાન જાહેરનામાનો ભંગ કરનાર સામે નિયમ મુજબ કાર્યવાહી કરવામાં આવશે તેવી તાકીદ પણ કરવામાં આવી હતી.

વડોદરા શહેર મહિલા મોરચા દ્વારા રક્ષાબંધન કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધી) વડોદરા, તા.26

વડોદરા શહેર મહિલા મોરચા દ્વારા કારેલીબાગ સ્થિત નમો કાર્યાલય ખાતે ભાઈ-બહેનના પવિત્ર પ્રેમ અને સ્નેહના પ્રતીક રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મહિલા મોરચાની ટીમ, મહિલા કોર્પોરેટરો, વિવિધ વોર્ડની મહિલા મોરચાની ટીમો અને મહિલા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બહેનોએ વડોદરા શહેર ભાજપ પ્રમુખ ડૉ. જયપ્રકાશભાઈ સોનીનું મોઢું મીઠું કરાવી, તિલક કરી રક્ષાસૂત્ર બાંધી રક્ષાબંધનની શુભેચ્છાઓ પાઠવી હતી. આ પ્રસંગે ડૉ. જયપ્રકાશભાઈ સોનીએ જણાવ્યું હતું કે, "સ્નેહનું બંધન, વિશ્વાસની શક્તિ અને જનસેવાનો સંકલ્પ – એ જ રક્ષાબંધનની સાચી ભાવના છે." રક્ષાસૂત્ર માત્ર કાંડે બંધાયેલો દોરો નહીં, પરંતુ પરસ્પર વિશ્વાસ, આત્મીયતા અને જવાબદારીનું પ્રતીક હોવાનું જણાવાયું હતું. આ પર્વ નિમિત્તે સંગઠનની શક્તિને વધુ મજબૂત બનાવવા અને જનસેવાના સંકલ્પને વધુ પ્રબળ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કરાયો હતો. કાર્યક્રમમાં વડોદરા શહેરના પ્રથમ નાગરિક શ્રીમતી ગીતાબેન મકવાણા, શહેર મહિલા મોરચા અધ્યક્ષા શ્રીમતી સ્નેહલબેન પટેલ, સ્થાયી સમિતિના ચેરમેન શ્રીમતી વર્ષાબેન વ્યાસ સહિત મોટી સંખ્યામાં મહિલા મોરચાની બહેનો ઉપસ્થિત રહી હતી. સમગ્ર કાર્યક્રમ આત્મીય અને ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

વડોદરા મનપા અધિકારીઓની અણઘડ કામગીરી ખુલ્લી પડી

૧૦ ઓક્ટોબરે આપેલો કોન્ટ્રાક્ટ ૨૮ ઓક્ટોબરે પૂર્ણ દર્શાવાયો

બિલ્ડિંગ પ્રોજેક્ટ વિભાગની દરખાસ્તમાં ભારે લોચો, નવો કોન્ટ્રાક્ટ ન થાય ત્યાં સુધી સમયમર્યાદા લંબાવવા સમિતિ સમક્ષ મંજૂરી માગી

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા મહાનગરપાલિકાના બિલ્ડિંગ પ્રોજેક્ટ વિભાગની કામગીરી અને શાસકોની બેદરકારી ફરી એકવાર છાપરે ચડીને પોકારી રહી છે. પાલિકા તંત્ર દ્વારા તૈયાર કરવામાં આવેલી એક ઓફિશિયલ દરખાસ્તમાં કોન્ટ્રાક્ટની સમયમર્યાદા અને તારીખોને લઈને એવો ગંભીર છબરડો સામે આવ્યો છે કે, જેને જોઈને અધિકારીઓ અને ઈજનેરોની કાર્યશૈલી સામે અનેક સવાલો ઊભા થયા છે. તંત્રની અણઘડ નીતિના કારણે સામાન્ય રીતે ૩૬૫ દિવસ એટલે કે આખા એક વર્ષ માટે અપાતો વાર્ષિક ઈજારો કાગળ પર માત્ર ૧૮ દિવસમાં જ પૂર્ણ થઈ ગયેલો દર્શાવાયો છે. મળતી વિગતો અનુસાર, વડોદરા મહાનગરપાલિકાના બિલ્ડિંગ પ્રોજેક્ટ વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષ માટે વાર્ષિક ઈજારા અંગેની દરખાસ્ત તૈયાર કરવામાં આવી હતી. આ દરખાસ્તમાં ઈજારદાર સચિન એસ. પોરેડીના ૧૫.૫૦ ટકા ઓછા ભાવપત્રકને રૂ. ૪ કરોડની નાણાકીય મર્યાદામાં કોન્ટ્રાક્ટ આપવાનું દર્શાવવામાં આવ્યું છે. જોકે, આ સત્તાવાર દરખાસ્તમાં દર્શાવવામાં આવેલી તારીખોની ભૂલે સૌ કોઈને અચંબામાં મૂકી દીધા છે. દરખાસ્તના કાગળો મુજબ, સંબંધિત કોન્ટ્રાક્ટરને આ ઈજારો મળ્યાની તારીખ ૧૦ ઓક્ટોબર ૨૦૨૬ દર્શાવવામાં આવી છે.

ત્રણ મોબાઈલ ટાવરમાથી ASIB કાર્ડની ચોરી

અટલાદરા, ચાપડગામ અને સનફાર્મા રોડના ટાવરના નિશાન બનાવાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરમાં હવે મોબાઈલ ટાવરો પણ તસ્કરોના નિશાન પર આવી ગયા છે. અટલાદરા, ચાપડગામ અને સનફાર્મા રોડ વિસ્તારમાં આવેલા ત્રણ અલગ-અલગ મોબાઈલ ટાવરના BTS બોક્સ ખોલીને તસ્કરો એક-એક ASIB કાર્ડ ચોરી ગયા હોવાની ઘટના સામે આવી છે. ત્રણેય કાર્ડની કિંમત રૂ.60 હજાર હોવાનું સામે આવતા અટલાદરા પોલીસે અજાણ્યા શખ્સ સામે ફરિયાદ નોંધી તપાસ શરૂ કરી છે. વડોદરાના આજવા રોડ વિસ્તારમાં રહેતા 70 વર્ષીય રમેશભાઈ લક્ષ્મણભાઈ મકવાણા આર.એસ. સિક્યુરિટી પ્રા. લિ.ની વડોદરા બ્રાન્ચમાં ટીમ લીડર અને સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે. તેમની કંપની દ્વારા ઈન્ડસ મોબાઈલ ટાવરોની સુરક્ષાની જવાબદારી સંભાળવામાં આવે છે અને સુરક્ષા ટીમ ખાનગી વાહનો મારફતે ટાવરોનું પેટ્રોલિંગ કરે છે. 9 ઓગસ્ટની રાત્રે આશરે 3.43 વાગ્યે કંપનીમાં ટેકનિશિયન તરીકે ફરજ બજાવતા આકીબભાઈએ ફોન કરી જાણ કરી હતી કે ત્રણ મોબાઈલ ટાવરના BTS બોક્સમાંથી ASIB કાર્ડ ગાયબ છે. જાણ થતાં સુરક્ષા ટીમે તાત્કાલિક ત્રણેય સ્થળે પહોંચી તપાસ કરી હતી. તપાસ દરમિયાન સનફાર્મા રોડ પર નારાયણ ઓરા એપાર્ટમેન્ટ સામે આવેલા ઈન્ડસ ટાવર, ચાપડગામ પંચાયત સામેના ટાવર તેમજ અટલાદરા ખીસકોલી સર્કલ પાસેના ટાવરમાંથી એક-એક ASIB કાર્ડ ગાયબ હોવાનું બહાર આવ્યું હતું. એક કાર્ડની કિંમત રૂ.20 હજાર મુજબ કુલ રૂ.60 હજારની મત્તાની ચોરી થઈ હોવાનું જણાયું છે. ત્રણેય ટાવરના BTS બોક્સમાંથી અજાણ્યા શખ્સે કાર્ડ કાઢી ચોરી કરી હોવાની ફરિયાદ અટલાદરા પોલીસમા નોધાતા પોલીસે ટાવર આસપાસના CCTV કેમેરા તેમજ અન્ય ટેકનિકલ પુરાવાના આધારે તસ્કર સુધી પહોંચવાના પ્રયાસો હાથ ધર્યા છે.

રૂ.૧૯૩૦ સિલ્વર રાખડી દ્વારા સાયબર જાગૃતિનો અનોખો સંદેશ

પ્રતિનિધિ) વડોદરા તા.8

રક્ષાબંધન એ માત્ર એક દોરો બાંધવાનો તહેવાર નથી, પરંતુ ભાઈ-બહેન વચ્ચેના નિઃસ્વાર્થ પ્રેમ, વિશ્વાસ અને રક્ષણના વચનનું પવિત્ર પ્રતીક છે. સમય બદલાયો છે અને તેની સાથે રક્ષણની વ્યાખ્યા પણ બદલાઈ છે. આજના ડીજિટલ યુગમાં જ્યાં સાયબર ફ્રોડ અને ઓનલાઈન ઠગાઈનો ભય સતત વધી રહ્યો છે, ત્યારે ભૌતિક સુરક્ષાની સાથે ડીજિટલ રક્ષણ પૂરું પાડવું પણ એટલું જ જરૂરી બન્યું છે. ગયા વર્ષે ₹૧૯૩૦₹ હેલ્પલાઈન નંબર આધારિત રાખડીની સફળ ડિઝાઈન બાદ,

આ વર્ષે સાયબર એક્સપર્ટ મયુર ભુસાવળકરે આ જ કલ્પનાને ચાંદીના પવિત્ર રૂપમાં તૈયાર કરી છે. ચાંદીને આપણી સંસ્કૃતિમાં અત્યંત શુદ્ધ અને પવિત્ર ધાતુ માનવામાં આવે છે. આ શુદ્ધ ચાંદીની રાખડી બનાવવા પાછળનો એકમાત્ર ઉદ્દેશ્ય સમાજમાં શુદ્ધ નીતિ, નિષ્ઠા અને સાયબર જાગૃતિનો સંદેશ પહોંચાડવાનો છે. આ રાખડી પર અંકિત થયેલો ₹૧૯૩૦₹ નંબર એ દેશની સાયબર ક્રાઈમ હેલ્પલાઈન છે. જ્યારે પણ કોઈ વ્યક્તિ સાયબર ફ્રોડનો ભોગ બને છે, ત્યારે ફ્રોડ થયાના પ્રથમ કલાક એટલે કે ₹ગોલ્ડન અવર₹ માં ૧૯૩૦ પર તુરંત કોલ કરવાથી ગુમાવેલા નાણાં બ્લોક થવાની અને પરત મળવાની શક્યતાઓ સહુથી વધુ હોય છે. આ રક્ષાબંધને, ચાંદીની ₹૧૯૩૦₹ રાખડી માત્ર હાથનું આભૂષણ જ નહીં, પરંતુ દરેક પરિવાર માટે ડીજિટલ કવચ બનશે. સાયબર એક્સપર્ટ મયુર ભુસાવળકર જણાવે છે કે, જેમ ભાઈ બહેનની રક્ષાનું વચન આપે છે, તેમ આ ૧૯૩૦ નંબર આપણી મહેનતની કમાણી અને ડિજિટલ ઓળખને સુરક્ષિત રાખવાનું કવચ પૂરું પાડે છે.

વડોદરાનું ઐતિહાસિક 'ગાંધીનગર ગૃહ' જંગલમાં ફેરવાયું

ફેબ્રુઆરી ૨૦૨૪થી બંધ ભવન આજે પણ નવજીવનની રાહ જોઈ રહ્યું છે

૧૯૫૬માં મોરારજીભાઈ દેસાઈના હસ્તે લોકાર્પણ પામેલું આ સાંસ્કૃતિક પ્રતીક આજ રોજ જાળવણીના અભાવે ઝાડી-ઝાંખરા અને અવાવરું હાલતમાં ફેરવાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરના મધ્ય ભાગમાં આવેલું ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાનું પ્રતીક એવું ગાંધીનગર ગૃહ આજે પોતાની જરજરીત અને બિસ્માર હાલતને કારણે અસંખ્ય યાદો સાથે ભૂતકાળ બનવા તરફ ધકેલાઈ રહ્યું છે. એક સમયે જે મંચ પરથી નાટકો, મ્યુઝિકલ નાઈટ્સ અને ધાર્મિક-સામાજિક પ્રસંગોની ગુંજ થતી હતી, તે પરિસર આજે જંગલી વનસ્પતિ અને ઝાડી-ઝાંખરા વચ્ચે લુપ્ત થતું જોવા મળી રહ્યું છે. ગાંધીનગર ગૃહની સ્થાપના ડિસેમ્બર ૧૯૫૬માં કરવામાં આવી હતી અને દેશના અગ્રણી નેતા મોરારજીભાઈ દેસાઈના હસ્તે તેનું ભવ્ય લોકાર્પણ થયું હતું. સમયની માંગ સાથે વર્ષ ૧૯૭૨માં તત્કાલીન મેયર ઠાકોરભાઈ પટેલના હસ્તે આ બિલ્ડીંગને વાતાનુકુલિત બનાવીને આધુનિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથે નવસંચાર આપવામાં આવ્યો હતો.

એક સમય એવો હતો જ્યારે અહીં વાર્ષિક ૭૦ થી ૮૦ જેટલા ભવ્ય સાંસ્કૃતિક શો યોજાતા હતા. કલાકારો માટે આ સ્થળ પોતાની રોજીરોટી અને કલા પ્રદર્શનનું મુખ્ય કેન્દ્ર હતું. વર્ષ ૨૦૧૧માં શહેરમાં 'સર સયાજીરાવ નગરગૃહ' અસ્તિત્વમાં આવ્યા બાદ, સુવિધાઓના અભાવે ગાંધીનગર ગૃહ તરફ લોકોનો અને આયોજકોનો પ્રવાહ ઘટવા લાગ્યો હતો. આંતરિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સાઉન્ડ સિસ્ટમ અને AC પ્લાન્ટ જૂના થઈ જવાના કારણે બિલ્ડીંગ જોખમી બનતી ગઈ. આખરે, સ્થિતિ અત્યંત ભયજનક બનતા વડોદરા મહાનગરપાલિકા દ્વારા ફેબ્રુઆરી ૨૦૨૪થી આ બિલ્ડીંગને વપરાશ માટે સંપૂર્ણપણે બંધ કરી દેવામાં આવી હતી. આજે આ પરિસર અવાવરું બની ગયું છે અને ત્યાં જંગલ જેવું વાતાવરણ સર્જાયું છે. સ્થાનિક કલાકારો અને શહેરીજનોની લાગણી આ ઐતિહાસિક સ્થળ સાથે જોડાયેલી છે.

ખિસકોલી સર્કલ અને બાપોદ વિસ્તારમાં બંધ મકાનમાંથી રૂ.૮૫ હજારની ચોરી

બાપોદમાં રાત્રિના સમયે મકાનનું તાળું તોડી રૂ.1.73 લાખના દાગીના ચોરાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા શહેરમાં બંધ મકાનોને નિશાન બનાવી ચોરી કરતી ટોળકી સક્રિય બની છે. ખિસકોલી સર્કલ નજીક શિવાજીપુરી વિસ્તારમાં પતિ-પત્ની કામ પર ગયા ત્યારે તસ્કરે મકાનનો દરવાજો તોડી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી રૂ.85 હજારની મત્તા ચોરી કરી હતી. જ્યારે બાપોદ વિસ્તારમાં પણ મકાનનું તાળું તોડી રૂ.1.73 લાખના સોના-ચાંદીના દાગીના ચોરી જતાં પોલીસે અલગ-અલગ ગુના નોંધી તપાસ શરૂ કરી છે. ખિસકોલી સર્કલ નજીક શિવાજીપુરી વિસ્તારમાં રહેતા 37 વર્ષીય રાજેશભાઈ મકવાણા ઓટોરિક્ષા ચલાવે છે, જ્યારે તેમની પત્ની ખાનગી કંપનીમાં નોકરી કરે છે. તા.10 ઓગસ્ટના રોજ સવારે બંને ઘર બંધ કરી કામે ગયા હતા. સાંજે પરત ફરતા મુખ્ય દરવાજાનું લોક તૂટેલું જોવા મળ્યું હતું. ઘરમાં તપાસ કરતાં બેડરૂમની તિજોરીનું લોકર પણ તૂટેલું હતું. તસ્કર સોનાની વીંટી, ચેન, બુટ્ટી, નથ, ચાંદીના દાગીના અને રૂ.6 હજાર રોકડ મળી કુલ રૂ.85 હજારની મત્તા ચોરી ગયો હતો. પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી CCTV ફૂટેજના આધારે તપાસ હાથ ધરી છે. બીજી તરફ બાપોદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં ફરિયાદી અશોકભાઈ દુધનાથ શર્માના સિંધવાઈનગર સ્થિત મકાનમાં તા.30 જુલાઈની રાત્રે 11:30થી તા.31 જુલાઈની સવારે 5:30 દરમિયાન તસ્કરે તાળું તોડી પ્રવેશ કર્યો હતો. તસ્કરે રૂ.1.73 લાખની કિંમતના સોનાના ઝુમર, કાનની બુટ્ટી, વીંટી, પેન્ડલ તેમજ ચાંદીના છડા અને વિંછીયા ચોરી લીધા હતા. આ ગુનામાં તા.25 ઓગસ્ટે ફરિયાદ નોંધાતા બાપોદ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાના હસ્તે ઓર્ડર વિતરણ કરાયું

દશરથ ગામમાં PM આવાસ યોજના અંતર્ગત ૭૪ લાભાર્થીઓને અર્પણ કરાયા મંજૂરી પત્રો

વડોદરા નજીક વાઘોડિયા વિધાનસભા ક્ષેત્રના આવાસ વિતરણ સમારોહમાં અગ્રણીઓ અને ગ્રામજનો રહ્યા ઉપસ્થિત

(પ્રતિનિધિ) વડોદરા તા.26

વડોદરા નજીક આવેલા દશરથ ગામમાં ગરીબ અને જરૂરિયાતમંદ પરિવારો માટે પોતાના ઘરનું સ્વપનું સાકાર થવાનો મોટો અવસર સામે આવ્યો છે. કેન્દ્ર સરકારની મહત્ત્વત્વાકાંક્ષી પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી ર.૦) હેઠળ દશરથ ગામના કુલ ૭૪ જેટલા લાભાર્થીઓને નવા આવાસની સત્તાવાર ફાળવણી કરવામાં આવી છે. ગામ ખાતે યોજાયેલા આ વિશેષ ગરિમાપૂર્ણ કાર્યક્રમમાં વાઘોડિયા વિધાનસભા ક્ષેત્રના ધારાસભ્ય ધર્મેન્દ્રસિંહ વાઘેલાના વરદ હસ્તે તમામ લાભાર્થીઓને મંજૂર થયેલા આવાસના લેટર (ઓર્ડર) અર્પણ કરવામાં આવ્યા હતા. વર્ષોથી પાકા ઘરનું સ્વપ્ન સેવતા ગરીબ અને શ્રમિક પરિવારોના હાથમાં જ્યારે મકાન મંજૂરીના ઓર્ડર આવ્યા, ત્યારે તેમના ચહેરા પર અનેક પ્રકારની ખુશી અને સંતોષ જોવા મળ્યો હતો. લાભાર્થીઓએ આ સહાય બદલ દેશના યશસ્વી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્થાનિક ધારાસભ્યનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ ગૌરવવંતા કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ ઉપાધ્યક્ષ રસિકભાઈ પ્રજાપતિ, જિલ્લા પંચાયત સદસ્ય સુરેશભાઈ વસાવા, તાલુકા પંચાયત સદસ્ય સુનીલ પ્રજાપતિ, દશરથ ગામના સરપંચ મહેશભાઈ, ડેપ્યુટી સરપંચ જયમીનભાઈ પટેલ સહિત ગામના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

રૂપિયા ૪૩.૭૧ લાખના દારૂ સાથે ઝડપાયેલા આરોપીના છ દિવસના રિમાન્ડ મંજૂર

પ્રતિનિધિ) વડોદરા તા.8

PCB પોલીસ દ્વારા ગોલ્ડન ટોલનાકા પાસેથી વિદેશી દારૂ અને બિયર દારૂનો જથ્થો ભરેલું આઈસર કન્ટેનર ઝડપી પાડવામાં આવ્યું છે. કન્ટેનરમાંથી રૂપિયા 43.71 વિદેશી દારૂ અને બીયરના ટીન મળી 8,136 નંગનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કન્ટેનર, રોકડ અને મોબાઈલ સહિત રૂ.58.81 લાખનો મુદ્દામાલ કબજે કરી એક આરોપીની ધરપકડ કરી છે. આરોપીની વધુ પૂછપરછ કરવા માટે પીસીબી એ તેના છ દિવસના રિમાન્ડ મેળવ્યા છે. મોબાઈલ કબજે કરીને સીડીઆર કઢાવવાની પણ તજવીજ હાથ ધરાઈ છે. PCBને બાતમી મળી હતી કે રાજસ્થાન તરફથી દારૂનો જથ્થો ભરેલું આઈસર કન્ટેનર ગોલ્ડન ટોલનાકા પરથી પસાર થવાનું છે. જેના આધારે PCBની ટીમે વોચ ગોઠવીને કન્ટેનરને અટકાવી તપાસ કરતાં તેમાં મોટા પ્રમાણમાં વિદેશી દારૂ અને બીયર મળી આવ્યા હતા. આ મામલે હરણી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો છે. પ્રાથમિક તપાસમાં ઝડપાયેલા આરોપી ધર્મેન્દ્ર રતનલાલ ચૌહાણે પોલીસને જણાવ્યું હતુ કે કન્ટેનરમાં દારૂનો જથ્થો ખારખોધા, હરિયાણાથી ભરાવવામાં આવ્યો હતો અને જંબુસર ખાતે પહોંચીને સંપર્ક કરવા સૂચના આપવામાં આવી હતી. દારૂનો જથ્થો ભરાવનાર વિક્રમ અહેરવાલ, મુખ્ય સપ્લાયર રાજુ તથા દારૂ મંગાવનાર શખ્સ હજુ પોલીસની પકડથી દૂર તેમની શોધખો શરૂ કરાઈ છે.. PCBના PI જીગ્નેશ ગામીતે જણાવ્યું હતું કે આરોપીને દારૂનો જથ્થો ક્યાંથી મળ્યો, કોને પહોંચાડવાનો હતો અને સમગ્ર નેટવર્કમાં અન્ય કોણ-કોણ સંડોવાયેલું છે તે જાણવા માટે આરોપીને કોર્ટમાં રજૂ કરી છ દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. આરોપીના મોબાઈલ ફોનમાંથી તેના સંપર્કમાં રહેલા શખ્સોની વિગતો મેળવવા માટે CDR કાઢવાની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનીય છે પોલીસે રૂ.43.71 લાખની કિંમતનો 8,136 નંગ વિદેશી દારૂ તથા બીયર, રોકડા રૂપિયા, રૂ.5 હજારનો મોબાઈલ અને રૂ.15 લાખની કિંમતનું આઈસર કન્ટેનર મળી રૂ.58.81 લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

રક્ષાબંધન પર્વે પાલિકાની બહેનો-બાળકોને ભેટ

વડોદરામાં સિટી બસમાં મફત મુસાફરીની જાહેરાત કરાઈ

૧૨ વર્ષ સુધીના બાળકો અને તમામ મહિલાઓ માટે ૨૮ ઓગસ્ટે આખો દિવસ બસ સેવા તદ્દન વિનામૂલ્યે રહેશે; PM ઈ-બસ સેવાના રૂટનો પણ સમાવેશ કરાયો

(પ્રતિનિધિ) વડોદરા તા.26

પવિત્ર રક્ષાબંધનના તહેવારને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરની મહિલાઓ અને બાળકો માટે એક અત્યંત મહત્વપૂર્ણ અને સરાહનીય નિર્ણય લેવામાં આવ્યો છે. રક્ષાબંધનના પાવન પર્વ નિમિત્તે વડોદરા શહેરની બહેનો પોતાની રીતે સરળતાથી મુસાફરી કરી શકે તે હેતુથી મહાનગરપાલિકા દ્વારા તમામ સીટી બસોમાં મહિલાઓ તેમજ ૧૨ વર્ષ સુધીના બાળકો માટે મફત મુસાફરીની જાહેરાત કરવામાં આવી છે. વડોદરા મહાનગરપાલિકાના સત્તાધીશો દ્વારા આ નવી પહેલ અંગે માહિતી આપતા જણાવવામાં આવ્યું હતું કે, ૨૮ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ રક્ષાબંધનના આખા દિવસ દરમિયાન સવારે બસ સેવા શરૂ થાય ત્યારથી લઈને રાત્રે રૂટ પૂર્ણ થાય ત્યાં સુધી આ સુવિધા ઉપલબ્ધ રહેશે. આ નિર્ણયથી રક્ષાબંધનના દિવસે પોતાના ભાઈના ઘરે રાખડી બાંધવા જતી મહિલાઓને મુસાફરીમાં આર્થિક રાહત અને સુગમતા મળશે. વિશેષરૂપે, હાલમાં વડોદરા શહેરમાં કાર્યરત વડાપ્રધાન ઈ-બસ સેવાનો પણ આ સુવિધામાં સમાવેશ કરવામાં આવ્યો છે. જેથી સિટી બસ સેવાના તમામ રૂટ ઉપર મહિલાઓ અને બાળકો વિનામૂલ્યે મુસાફરીનો લાભ લઈ શકશે. રક્ષાબંધન જેવા પવિત્ર તહેવાર પર પાલિકા દ્વારા આપવામાં આવેલી આ ભેટને કારણે શહેરની મહિલાઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

ઈદના જુલુસમાં ખાખી વર્દી પહેરીને જોડાયેલા શખ્સોને પોલીસે ઝડપી પાડયા

વડોદરા : શહેરમાં ઈદ-એ-મિલાદ સહિતના તહેવારોની ઉજવણી અંતર્ગત મુસ્લિમ સમાજ દ્વારા વિવિધ વિસ્તારોમાં જુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં લોકો ઉત્સાહ અને ઉમંગ સાથે જુલુસમાં જોડાયા હતા. દરમિયાન કારેલીબાગ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી પસાર થઈ રહેલા એક જુલુસમાં કેટલાક શખ્સો ખાખી વર્દી પહેરેલા નજરે પડતાં પોલીસનું ધ્યાન દોરાયું હતું. ઈદે મ